# <u>જૈન સાહિત્ય</u>
# (Jain Literature)

*જૈન સાહિત્ય એ સહિત શબ્દ પરથી આવેલો શબ્દ છે. જૈન સાહિત્યે ભારતીય સાહિત્યને ખુબ સમૃદ્ધ બનાવ્યું છે. ભારતની પ્રાચીન અને અર્વાચીન બધી ભાષાઓ જેવી કે પ્રાકૃત્ત, સંસ્કૃત, અપભ્રંશ, કન્નડ, તેલુગુ, તમિલ,ગુજરાતી, રાજસ્થાની વગેરે ભાષામાં જૈન સાહિત્ય લખાયેલું છે. જૈન સાહિત્ય વિવિધ રુપો તેમજ તેમાં સમાયેલ અણમોલ જીવનમૂલ્યોથી સભર છે. ૯ મી સદીથી ૧૮ મી સદી સુધીમાં ૧૭૦૦ જેટલા જૈન કર્તાઓએ ૧૮૦૦ કૃતિઓ તથા ૫૦૦ જૈનતર કર્તાઓએ માત્ર ૭૫૦ કૃતિઓ આપી છે, જે જૈન સાહિત્યની સમૃદ્ધિ દર્શાવે છે.પાટણ, વલભીપુર, જેસલમેર, અમદાવાદ, પાલીતાણા વગેરે જગ્યાએ ગ્રંથ ભંડારોમાં સચવાયેલું છે. જૈન હસ્તપ્રતોના કુલ ૨૦૦ સંચયો છે જયારે જૈનેતર હસ્તપ્રતોના માત્ર ૯ સંચયો જ છે.*

*જૈન સાહિત્યનું ઐતહાસિક દસ્તાવેજી મૂલ્ય તો છે જ પરંતુ પશ્ચિમના સંશોધનકારો નોંધ કરે છે કે જૈન પ્રાચીન સાહિત્યમાંથી માનવ વિષયના સ્તરો, ભારતીય દર્શન, સાંસ્કૃત્તિક વારસો, તેમજ તે તે સમયના રાજકીય, સામાજિક, સાંસ્કૃત્તિક, નૈતિક, પ્રાકૃત્તિક મૂલ્યોની વિશ્વને જાણ યથાયોગ્ય રીતે થઈ છે. સૌથી અગત્યની વાત એ છે કે જૈન સાહિત્યની રચના ધન,યશના લોભથી કરવામાં આવી નથી. પરંતુ સ્વ પુરુષાર્થ દ્વારા આત્માની ઉન્નતિ માટે, આત્મકલ્યાણ સાધીને મોક્ષનો માર્ગ દર્શાવવા,આત્માનું નિરિક્ષણ કરવા-કરાવવા તેમજ ભક્તિમૂલક સંસ્કારોના પ્રચાર માટે લખાયા છે. મોટા ભાગનું જૈન સાહિત્ય લગભગ શ્રમણ ભગવંતો દ્વારા રચાયુ છે. સામાન્ય રીતે જૈન સાહિત્યનું વર્ગીકરણ આ પ્રમાણે છે.*

**જૈન સાહિત્ય (વાંગ્મય)**

- *આગમ સાહિત્ય*
  - *અંગ પ્રવિષ્ટ*
    - *અંગ (૧૧) પૂર્વ (૧૪)*
  - *અંગ બાહ્ય*
    - *ઉપાંગસૂત્રો, છેદસૂત્રો, મૂળસૂત્રો, પ્રકીર્ણસુત્રો, ચુલિકાસૂત્રો*
- *આગમતેર સાહિત્ય*

## આગમેતર સાહિત્ય

**૧. વ્યાખ્યા સાહિત્ય : ૧) નિર્યુક્તિ ૨) ભાષ્ય ૩) ચૂર્ણિ ૪) ટીકા**

**૨. વૈજ્ઞાનિક સાહિત્ય :**

**૧) વ્યવહારિક વિજ્ઞાન - ગણિત**

**૨) આનુભવિક વિજ્ઞાન - પ્રાકૃત્તિક (રસાયણ, જીવશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર)**

**- સામાજિક (રાજકારણ, ઈતિહાસ, ભૂગોળ ,ખગોળ)**

૩) ઔષધિક વિજ્ઞાન - ઔષધ, આર્યુવેદ
૪) માનવિકી વિજ્ઞાન -
- ધર્મ / ફિલસૂફી -યોગ/ ધ્યાન,તત્વ મીમાંસા,જ્ઞાન મીમાંસા,આચાર મીમાંસા.
- ભાષા શાસ્ત્ર - વ્યાકરણ, છંદ શાસ્ત્ર, શબ્દકોષ.
૫) કળા - ચિત્રકળા, શિલ્પ સ્થાપત્ય.

૩. લલિત સાહિત્ય :
૧) કથા સાહિત્ય
૨) ચંપુ સાહિત્ય
૩) કાવ્ય સાહિત્ય - દ્રશ્ય કાવ્ય (નાટક), શ્રવ્ય કાવ્ય
- ગદ્ય કાવ્ય , પદ્ય કાવ્ય
- પ્રબંધ કાવ્ય , મુક્તક કાવ્ય (સ્તોત્ર)

❖ **<u>લલિત સાહિત્ય :</u>** *જૈન લેખકોએ કાવ્યો,નાટ્યો, ભક્તિગીતો વગેરે લલિત સાહિત્યનું મોટા પ્રમાણમાં નિર્માણ કર્યુ છે. તેઓ અલંકારિક કાવ્યોના નિપુણ હતા. આમ ભારતીય સાહિત્ય અને બ્રાહ્મણ (હિંદુ) સાહિત્યની તેમના પર અસર હતી. તેમણે તેમના વાચકોને બીજા કોઈ સાહિત્યમાં મળે તે બધું ઉપલબ્ધ કરાવ્યું હતું. તેમનો મુખ્ય હેતુ ધાર્મિક સિદ્ધાંતોને કાવ્યો અને નાટ્યો મારફતે રસિક અને અપીલ કરે તેવા રુપમાં રજુ કરવાનો હતો.*

**લલિત સાહિત્યના ત્રણ વિભાગ છે.**
**૧. કથા, ૨. કાવ્ય, ૩. ચંપુ**

▪ **કથા સાહિત્ય :** *જૈન લેખકો અને સાધુઓ ઈતિહાસકાર કરતાં સારા વાર્તાકાર છે. તેઓએ સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાઓમાં પદ્ય અને ગદ્ય શૈલીમાં ઘણી પરીકથાઓ અને વાર્તાઓ લખી છે. કેટલીક અગત્યની ધર્મકથાઓ નીચે પ્રમાણે હતી.*

*વહેલામાં વહેલી નવલકથા અથવા તો ધર્મકથા* **પાદલિપ્તસુરી***એ પ્રાકૃતમાં લખેલી* **તરંગવતી** *હતી.*

*ગુણાઢ્યે પૈશાચી ભાષામાં લખેલી પ્રખ્યાત બ્રહ્મકથાનું અનુકરણ સંભવતઃ* **સંઘદાસગણી** *અને* **ધર્મદાસગણી** *એ લખેલ વાસુદેવ હિંડી હોઈ શકે. જે મહારાષ્ટ્રી પ્રાકૃત્તમાં લખાયેલી છે.તે ધાર્મિક નવલકથામાં કૃષ્ણનાં પિતા વાસુદેની વાર્તા છે. એક વેપારીના દીકરા ધમ્મિલની અને તેની પ્રેમિકાની પણ વાર્તા છે. શાંતિનાથ, અરનાથ, અને રુષભદેવ તીર્થંકરોના જીવનવૃતાંત છે. વાલ્મિકીના રામાયણમાં વર્ણવેલી રામની કથા છે અને દ્વારકાના વૃષ્ણીસની વાર્તા પણ છે.*

*બીજી અગત્યની ધાર્મિક નવલકથા* **આચાર્ય હરિભદ્રસુરી** *(ઈસુની ૮મી સદી) એ મહારાષ્ટ્રી પ્રાકૃત્તમાં લખેલી* **સમુરાઈચ્ચકથા** *છે. તેમાં વાર્તાના નાયક સમરાદિત્ય અને તેના પ્રતિસ્પર્ધિના નવ ભવની વાર્તા છે. આ આખી વાર્તા જૈન ધર્મના કર્મ સિદ્ધાંતને સમજાવે છે.*

**આચાર્ય હરિભદ્રસુરી**ની પ્રાકૃતમાં લખેલી **ધૂતાખ્યાન** જૈન સાહિત્યની એકમાત્ર હાસ્ય અને વ્યંગ નવલકથા છે.**સિદ્ધર્ષિએ** લખેલી **ઉપમિતીભવપ્રપંચકથા** ભારતીય સાહિત્યમાં સંસ્કૃતમાં લખેલી પહેલી વિસ્તૃત રુપકકથા છે. તેમાં સિધ્ધર્ષિએ આત્મા (જીવ) ની છેક નીચામાં નીચી ગતિથી શરુ કરીને આખરી મોક્ષ સુધીની સંસારી કારકિર્દિનું વર્ણન કર્યું છે.

કુવલયમાલા - **ઉદ્યોતનસુરીજી**એ શ્રુગાંર રસમાં લખેલી નવલકથા છે.

- **ચંપુ સાહિત્ય :** કથા સાહિત્યથી જુદું ચંપુ સાહિત્ય છે તેમાં પદ્ય અને ગદ્યનું મિશ્રણ છે. તેની શૈલી કાદમ્બરીની શૈલી માફક હોય છે. આમાં સૌથી મુખ્ય દિગમ્બર સાધુ **આચાર્ય સોમદેવસુરીજી**એ લગભગ ઈ.સ. ૯૫૯ માં શ્રી ગુણભદ્રના ઉત્તર પુરાણના આધારે સંસ્કૃતમાં લખેલા **યશસ્તિલકા** છે. આમા રાજા મરીદત્તની વાર્તા છે. તે હંમેશ હિંસક અને ગુનાઓની પ્રવૃત્તિઓમાં રચ્યોપચ્યો રહેતો હતો.

  વીરવૈભવ નામના એક તાંત્રિક ગુરુએ તેને કહ્યું કે તે એક ચમત્કારિક તલવાર મેળવી તેના વડે તે વિદ્યાધરનું રાજય જીતી શકે. તે માટે તેણે ચાંદમરી દેવીના મંદિરમાં પ્રાણીની બલિ ચડાવવી પડશે અને બે બત્રિસ લક્ષણા પુરુષને સ્વહસ્તે મારી તેનું બલિ ચડાવવું પડશે. આ મનુષ્ય બલિ માટે નવદિક્ષિત સાધુ અભયરુચિ અને સાધ્વી અભયમતિને પકડી લાવવામાં આવ્યા. આ બે સાધુ-સાધ્વીએ રાજાને જૈન ધર્મનો ઉપદેશ આપ્યો.

  બીજા પ્રખ્યાત ચંપુ **શ્રી જયશેખરસુરિજી** રચિત ચંપુ **નળ-દંમયતિ** છે.

- **કાવ્ય સાહિત્ય :** વિશ્વનાથે કાવ્યની વ્યાખ્યા કરી છે. **वाक्यम् रसात्मकम् काव्यम् !**
  **અર્થ :** કાવ્ય એ એક વાક્ય છે જેનું હાર્દ રસ છે. કાવ્ય એ લલિત સાહિત્યનો એક પ્રકાર છે. તેના બે વિભાગ કરી શકાય. દ્રશ્ય કાવ્ય અને શ્રવ્ય કાવ્ય.

  - **દ્રશ્ય કાવ્ય (નાટક) :** આ એ પ્રકાર છે જે જોઈ અને સાંભળી શકાય છે. જૈન લેખકોએ રચેલા કેટલાક દ્રશ્ય કાવ્ય નીચે પ્રમાણે છે.:

    આચાર્ય હેમચંદ્રના શિષ્ય રામચંદ્રે રચેલું નાટક નિર્ભય ભીમ વ્યાયોગ, તેમાં ભીમ અને બકાસુરની વાર્તા છે. ગોવિન્દભટ્ટના શિષ્ય હસ્તિમલના રચેલા નાટક વિક્રાન્ત કૌરવ અને મૈથિલિ કલ્યાણ છે.

  - **શ્રવ્ય કાવ્ય :** આ ફક્ત સાંભળી શકાય આવો પ્રકાર છે. તેના બે પ્રકાર છે.

    **ગદ્ય કાવ્ય :** આ કાવ્યોમાં પંક્તિઓ અને કડીઓ છંદમાં નથી લખી હોતી.

    **બે અગત્યના ગદ્ય કાવ્યો : કવિ ધનપાલ** રચિત તિલકમંજરી, અને વાદીભાસિંહની સંસ્કૃતમાં રચિત **ગદ્યચિંતામણી.**

    - **પદ્ય કાવ્ય :** આ કાવ્યો છંદમાં લખાય છે. તેના બે વર્ગ છે. પ્રબંધ અને મુક્તક

- **પ્રબંધ કાવ્ય :** *કાવ્યમાં વર્ણવેલા પ્રસંગો એકબીજા સાથે સબંધ ધરાવે છે. મહાપુરુષોના ચારિત્ર અને પુરાણ પ્રબંધ કાવ્યમાં લખાયેલાં છે. રામાયણ અને મહાભારત જેવા પ્રબંધ કાવ્યોની લોકપ્રીયતા જોઈ જૈન લેખકો એ પણ રામ,કૃષ્ણ,૬૩ શલાકાપુરુષ, ૨૪ તિર્થકર,૧૨ ચક્રવર્તિ, ૯ વાસુદેવ,૯ બળદેવ અને ૯ પ્રતિવાસુદેવના જીવનચરિત્ર આ શૈલીમાં લખ્યા. કેટલાક અગત્યના પ્રબંધ કાવ્યો નીચે પ્રમાણે છે. :*
  1. *વિમલસુરીનું મહારાષ્ટ્રી પ્રાકૃત ભાષામાં આર્ય છંદમાં રચેલું પોમાચરિયમ પહેલામાં પહેલી શ્વેતાબંર રચના છે. તેને અનુસરીને જૈનોમાં રામના જીવન ચરિત્ર લખાયા.*
  2. *રવિસેનનું પદ્મ પુરાણ, પદ્મ ચરિત્રની સંસ્કૃતમાં લખાયેલી વિસ્તૃત આવૃત્તિ છે.*
  3. *જિનસેનનું હરિવંશ પુરાણ જૈનોનું મહાભારત ઉપર રચાયેલું પહેલું પ્રબંધ કાવ્ય છે.*
  4. *જિનસેન અને ગુણભદ્ર રચિત ત્રિશષ્ટીલક્ષણ મહાપુરાણ.*

  *તે ઉપરાંત આર્યા અને બીજા પવિત્ર પુરુષો ઉપર ઘણા ચરિત્રો લખાયેલા છે.*
- **મુક્તક કાવ્ય સ્તોત્ર :***આ પ્રકારના કાવ્યમાં સ્તોત્રની કડીઓ વચ્ચે સબંધ નથી હોતો. આચાર્ય ભદ્રબાહુ રચિત* **ઉવસગ્ગહરં સ્તોત્ર** *સૌથી વહેલા લખાયેલા સ્તોત્રોમાંથી છે.* **માનતુંગસરી** *રચિત ભગવાન આદિનાથની સ્તુતિ સ્તોત્ર* **ભક્તામર સ્તોત્ર** *પણ ઘણું લોકપ્રિય છે.*

*આગમતેર સાહિત્યમાં જે સાહિત્ય રચાયુ એમાં ફાગુ, બારમાસા, રાસા, પવાડો, વિવાહલુ, ઢાળો, છંદો, પૂજા સાહિત્ય, પ્રબંધ, વ્યાખ્યાન, ઉપદેશક પદો, ગઝલો, છંદો, હાલરડા, થોકડા, ટપ્પા, પટાવલિ, મુક્તાવલિ, કથાવાર્તા, વીસી, ચોવીસી, ચોત્રીસી, છત્રીસી, બહોતેરી, વિજ્ઞપ્તિ પત્રો, પ્રશ્નોત્તર, સ્તુતિ, સ્તવન, થોય વગેરે ગુજરાતી સાહિત્યના પદો છે.*

❖ **શૌરસેની, પ્રાકૃત્ત,અપભ્રંશ,સંસ્કૃત સાહિત્યના મુખ્ય કર્તાઓ નીચે મુજબ છે.**

- **<u>શૌરસેની ભાષા સાહિત્યના રચનાકારોઃ-</u>**
- **<u>આચાર્ય પુષ્પદંત અને ભૂતબલિ :</u>** *આ બંને આચાર્યો કાઠિયાવાડ ગુજરાતના આચાર્ય ધરસેનના શિષ્યો હતા. તેઓએ શૌરસેની પ્રાકૃતમાં "***ષડખંડાગમ***" નામના ગ્રંથની છ ભાગમાં રચના કરી. જેના પર વીરસેન નામના આચાર્યે '***ધવલા***' નામની ટીકા લખી. (૮ મી સદી)*

- **<u>આચાર્ય ગણધર :</u>** *તેઓએ "***કષાયપાહૂડ***" નામનો કર્મના સિધ્ધાંતોની સમજૂતી રુપ ગ્રંથ લખ્યો. જેના પર આચાર્ય વીરસેન અને જિનસેને "***જયધવલા***" નામની ટીકા લખી.*
  *(ઇ.સ. પૂર્વ પહેલી સદી)*

- **આચાર્ય કુંદકુંદ :** *આંધ્રમાં જન્મેલા અને મૂળસંઘના આચાર્ય દેવ કુંદકુંદ અનેક ગ્રંથોના રચયિતા હતા.* "**પંચાસ્તિકાય**","**પ્રવચનસાર**", "**સમયસાર**", "**નિયમસાર**", "**અષ્ટપાહુડ**", "**દ્વાદશ-અનુપ્રેક્ષા**" **(વૈરાગ્ય વાસિત અનિત્ય અશરણ, સંસાર આદિ ૧૨ ભાવના)**,"**ભક્તિસંગ્રહ**" *વગેરે અનેક ગ્રંથોની રચના કરી હતી.*

- **આચાર્ય અતિવૃષભ :** *જેમણે ભૂગોળ અને ખગોળ પર પાંચમી સદી (AD) માં હોવાનું મનાય છે. જેમણે* " **તિલોક પ્રજ્ઞપ્તિ**" *જેવો ૮૦૦૦ સૂત્રોનો મહાન ગ્રંથની રચના કરી. જે ભારતનો ઈતિહાસ, પુરાણ અને દર્શન દર્શાવે છે.*

- **આચાર્ય વટ્ટકેર :** *ચોથી સદી (AD) માં* "**મૂલાચાર**" *નામના મહાન ગ્રંથની રચના કરી જેમાં જૈન મુનિઓના આચારનું વિસ્તૃત નિરૂપણ છે.*

- **આચાર્ય શિવકોટી (શિવાચાર્ય) :** *વિક્રમની ત્રીજી સદીમાં* "**ભગવતી આરાધના**" *૨૧૭૦ ગાથાનો ગ્રંથ રચ્યો. શ્વેતાંબર પંરપરામાં આજે પણ આ ગ્રંથની ગાથાઓ ગણાય છે.*

- **આચાર્ય દેવસેન :** *દસમી સદીના પ્રબુધ્ધ આચાર્ય જેમણે* "**નયચક્ર**", "**આરાધનસાર**", "**તત્વસાર**", "**દર્શનસાર**", "**ભવસંગ્રહ**" *જેવા તત્તવજ્ઞાનનાં ગ્રંથો આપ્યાં.*

- **સ્વામી કાર્તિકેય :** *બાર ભાવનાનું સુંદર નિરુપણરુપ* "**કાર્તિકેય અનુપ્રેક્ષા**" *ગ્રંથની રચના કરી.*

- **સિધ્ધાંત ચક્રવર્તિ આચાર્ય નેમિચંદ્ર :** *રાજા ચામુંડરાય (કર્ણાટિક) સમયના આચાર્ય જેમણે ૧૧ મી સદી (AD) માં* "**ગોમ્મટ સાર**", "**ત્રિલોક સાર**", "**દ્રવ્ય સંગ્રહ**" *જેવા ગ્રંથો આપ્યા. જે તત્વજ્ઞાન દર્શનથી ભરપૂર તેમજ કર્મવાદ, ગુણસ્થાન, છ દ્રવ્ય વગેરેનું નિરુપણ દર્શાવતા ગ્રંથો છે.*

- **આચાર્ય વસુનંદી :** *૧૨મી સદીમાં* "**શ્રાવકાચાર**" *ગ્રંથની રચના કરી. જે ૫૪૬ ગાથામાં શ્રાવક (સામાન્ય માણસ) ના આચારોનું નિરુપણ છે.*

❖ **અર્ધમાગધી ભાષા સાહિત્યના રચનાકારો :**

*આચાર્ય (શંય્યમભવ સુરિ) વિક્રમની સદીના ૩૭૨ વર્ષ પૂર્વે આચાર્ય ભદ્રબાહુ અને આચાર્ય સ્થુલિભદ્ર પહેલા થયેલા આ આચાર્યે મૂળસૂત્ર* **દશવૈકાલિક** *સૂત્રની રચના કરી. જે તેમના પુત્ર મનંગને જૈનધર્મનું જ્ઞાન આપવા તેમણે રચ્યું હતું.*

  - **દેવર્ધિગણિ શ્રમાગમણ :** *વિક્રમની પાંચમી સદીના આચાર્ય જેમણે ભગવાન મહાવીરના નિર્વાણના ૯૮૦ વર્ષ પછી વલ્લભીમાં (પાલિતાણા પાસે) આગમોની વાંચના કરી. આગમો ગ્રંથસ્થ કરાવ્યા.*

❖ <u>**આચાર્ય સિધ્ધસેન દિવાકર :**</u> *દિગંબર અને શ્વેતાંબર બંને પરંપરામાં માન્ય એવા આ આચાર્ય તત્વજ્ઞાનના ગ્રંથ* "**સન્મતિતર્ક પ્રકરણ**" *માટે ખૂબ જાણીતા છે. જે સ્યાદ્વાદ અને અનેકાન્તવાદનું દર્શન કરાવતો ગ્રંથ છે.*

❖ <u>**નિર્યુક્તિના રચયિતા ભદ્રબાહુ સ્વામી :**</u> *વિક્રમની પાંચમી-છઠ્ઠી સદીનો કાળ ગણાય છે. જેમણે આગમો પર ૧૦ નિર્યુક્તિની રચના કરી* **કલ્પસૂત્ર***ની પણ રચના કરી.*

❖ <u>**જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ :**</u> *સાતમી સદીના આચાર્ય જેમણે પણ આગમોની વાચના કરી.* "**ધ્યાન શતક ગ્રંથ**"**(ધ્યાન વિષયક સ્વતંત્ર કૃતિ)** *,* **જીત કલ્પસૂત્ર***,* "**જીત કલ્પ ભાષ્ય**", "**વિશેષાવશ્યક ભાષ્ય (ગણધરવાદ)**", "**બૃહદ્ ક્ષેત્ર સમાસ**", "**બૃહદ્ સંગ્રહણિ**" *વગેરે અનેક મહાન ગ્રંથોની રચના કરી.*

❖ <u>**આચાર્ય હરિભદ્રસૂરિઃ**</u> *આઠમી સદીમાં ચિતોડમાં જન્મેલાં આ આચાર્ય ૧૪૪૪ ગ્રંથોના કર્તા મનાય છે. તેઓશ્રીએ અનેકાનેક વિષયો પર વિવિધ ગ્રંથોની રચના કરી છે. જેમાં* "**યોગસાર, યોગબિન્દુ, યોગદ્રષ્ટિસમુચ્ચય, યોગવિંશિકા, ષોડશકપ્રકરણ, ધર્મબિન્દુ, ધર્મસંગ્રહણિ, સમરાદિત્ય કહા**", **ધૃતાખ્યાન** *વગેરે ગ્રંથો વિશેષ પ્રખ્યાત છે.*

❖ <u>**કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રચાર્ય :**</u> *એમનો યુગ આખો હેમયુગ તરીકે ઓળખાય છે. ગુજરાતના ધંધુકામાં વિક્રમની ૧૧ મી સદી તેમનો કાળ ગણાય છે. ગુજરાતી ભાષાનું વ્યાકરણ રચનાર* "**સિધ્ધહેમ શબ્દાનુશાસન**" *જે વ્યાકરણનો ગ્રંથ ગુજરાતી ભાષા માટે શિરમોર છે આ ઉપરાંત* "**વિતરાગ સ્તોત્ર**", "**મહાદેવ સ્તોત્ર**" **ત્રિષષ્ઠીશલાખા પુરુષ (૬૩ સર્વોત્તમ પુરુષો)***,* **યોગશાસ્ત્ર** *વગેરે અનેક સ્તોત્રોના રચયિતા છે.*

*આ ઉપરાંત* **આનંદઘનજી મહારાજ, દેવચંદ્રજી મહારાજ,મહોપાધ્યાય યશોવિજયજી***,* **ભરતેશ્વર બાહુબલિના રચયિતા-શાલીભદ્ર મુનિ** *વિ. અનેક જૈન શ્રમણ ભગવતોએ સાહિત્ય પ્રદાન કર્યું છે.*

❖ <u>**અનુયોગ :**</u> *રચનાઓના વિષયો પ્રમાણે કરવામાં આવતા વર્ગીકરણને અનુયોગ કહેવાય છે. નીચે આપેલા ચાર અનુયોગ અગત્યના ગણાય છે.*

- **પ્રથમાનુયોગ (ધર્મકથાઅનુયોગ) :** *કથા, કળા, કવિતા વગેરે દા.ત.* **વિમલસુરીનું પોમાચરિયમ, નયધમકહાઓ.**
- **કરણાનુયોગ (ગણિતાનુયોગ) :** *ગણિત, ભૂગોળ, ખગોળ વગેરે દા.ત. સૂર્યપ્રજ્ઞપ્તિ, આચાર્ય મહાવીરનું ગણિતસાર સંગ્રહ.*

- **ચરણાનુયોગ (ચરણકર્માનુયોગ) :** *આચરણ, પાળવાના નિયમો વગેરે. દા.ત. વટ્ટેકરનું મૂલાચાર, સમંતભદ્ર રચિત રત્નકરંડ શ્રાવકાચાર.*
- **દ્રવ્યાનુયોગ :** *ફિલસુફી, દર્શનના સિદ્ધાંતો વગેરે દા.ત. ઉમાસ્વાતિનું તત્વાર્થ સૂત્ર, આચાર્ય કુંદકુંદનું સમયસાર.*

**દક્ષિણ ભારતની ભાષામાં જૈન રચનાઓ :**

**કન્નડ :** *ઈ.સ. ૯૪૧ માં પ્રખ્યાત કવિ પંપાએ બે કવિતાઓ લખી હતી. આદિપુરાણ, પહેલા તીર્થંકરનો ઈતિહાસ અને મહાભારતની વાર્તા ઉપરથી વિક્રમાજુન વિજય. ઈ.સ. ૯૫૦ માં મહાન કવિ પોન્નાએ લખેલી શાંતિપુરાણ - ૧૬ માં તીર્થંકર શાંતિનાથનો ઈતિહાસ.*

**તમિલ :** *જૈન પંડિત લખેલ તમિલ વ્યાકરણ ઉપરનો ગ્રંથ ટોલ્કાપ્પીયમ.અહિંસાના સિધ્ધાત ઉપર રચાયેલ ગ્રંથ કુરલ.*